**:: આંક – ૧ નીચે હુકમ ::**

૧. હાલના કેસનું રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી તા. ૨૫–૦૭–૨૦૨૪ ના રોજ આ કામના આરોપી સામે ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળની ફરીયાદ દાખલ કરેલ અને જે ફરીયાદ હેઠળ મહેરબાન ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ગીર–સોમનાથ વેરાવળનાઓએ ફરીયાદ દાખલ કરી આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ.

૨. આરોપીને સમન્સ કરતા સમન્સ બજીને પરત આવેલ પંરતુ આરોપી હાજર થયેલ નહી. ત્યારબાદ આરોપી હાજર ના થતા આરોપી સામે અનેકવાર વોંરટ ઈસ્યુ કરવામાં આવેલ તેમછતા આરોપી મળી આવેલ નહી તેમજ આરોપીનુ વોંરટ બજે કે વગર બજે પરત આવેલ નથી. ત્યારબાદ પણ ફરીયાદી તરફે કોઈ હાજર રહેલ નથી અને આરોપીને હાજર કરવા અંગે કોઈ પગલા લેવામા આવેલ નથી.

૩. ઉપર મુજબની ચર્ચા અને આ કામનું રેકર્ડ વંચાણે લીધું. હાલની ફરીયાદ તારીખ ૨૫–૦૭–૨૦૨૪ ના રોજ રજૂ કરતા તેને ફોજદારી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આજદીન સુધી આરોપી હાજર થયેલ ના હોય તેનુ નવું સરનામુ રજુ કરવા માટે ફરીયાદીને અનેક તકો આપેલી પંરતુ સદર કામે ફરીયાદી હાજર નથી કે તેમના તરફે કોઈ મુદત રીપોર્ટ આવેલ નથી.તેમજ વોરંટની બજવણી અંગે કોઈ રજુઆત કરેલ નથી. ફરીયાદીને તેઓની ફરીયાદ સાબીત કરવા માટે પુરતી તક આપવામા આવેલ છે. વધુમાં, ફરીયાદીની ગેરહાજરીમા પણ ફરીયાદી તરફે કોઈપણ પ્ર કારનો રીપોર્ટ ન હોવા છતા ન્યાયના હીતમા કોર્ટ ધ્વારા કામ મુલતવી રાખવામા આવેલ, તેમ છતાં ફરીયાદી હાજર રહેલ નથી.

૪. આ કામે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવામા આવે તો નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ની ફરીયાદ ચલાવવા માટેની જોગવાઈ ક્રિમી.પ્રોસી.કોડમા કરવામા આવેલ છે અને જો ફરીયાદી હાજર ન રહે તો ફરીયાદીની ગેરહાજરીમાં શું કાર્યવાહી થઈ શકે તે અંગેની જોગવાઈ કરવામા આવેલ છે અને તે જોગવાઈ નીચે મુજબ છે.

**Section : 256 :-** Non-appearance or death of complaint:-

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall, not with standing anything here in before contained, acquit the accused, unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day.

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant due to his death.

***ઉપરોક્ત જોગવાઈને વંચાણે લેતા ફરીયાદને આધારે જયારે આરોપીને સમન્સ કરવામા આવેલ હોય અને આરોપી હાજર થાય તે દિવસે ફરીયાદી ગેરહાજર રહે તો મેજીસ્ટ્રેટ આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરી શકશે. વધુમા, જો ફરીયાદી તરફે વકીલ હાજર થયેલ હોય તો ફરીયાદીએ જાતે હાજર રહેવાની જરૂર નથી, એવો કોર્ટનો અભિપ્રાય થાય તો ફરીયાદીની ગેરહાજરીમા પણ ફરીયાદની આગળની કાર્યવાહી કરી શકાય તે મુજબની જોગવાઈ કરવામા આવેલ છે. હાલના કેસને ધ્યાને લઈએ તો ફરીયાદી ધ્વારા અત્રેની કોર્ટમાં તા.૨૫-૦૭-૨૦૨૪ થી પેન્ડીગ હોય. તેવા સંજોગોમા આરોપીની હાજરી વગર હાલનો કેસ આગળ ચાલી શકે તેમ ન હોય, તેમ છતાં ન્યાયના હીતમા કોર્ટ ધ્વારા ફરીયાદીને હાજર રહેવા માટે તથા આરોપીનુ નવું સરનામુ રજુ કરવા માટે પુરતી તક આપેલી છે. જેથી ફરીયાદી ની સતત ગેરહાજરીને કારણે હાલની***

*ફરીયાદમા ફરીયાદીને રસ ન હોવાનું જણાઈ આવે છે. જેથી ફરીયાદીની ગેરહાજરી ને કારણે હાલની ફરીયાદ કાઢી નાખવી યોગ્ય અને ન્યાયી જણાય છે.*

*૫. નામ.રાજસ્થાન હાઈકોર્ટ ધ્વારા મેસર્સ લક્ષ્મી સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ વિ. રાજય તથા બીજા ૨૦૦૫ એકવીટલ પાના નં.૨૧૪ ના ચૂકાદાને વંચાણે લેતા નામદાર રાજસ્થાન હાઈકોર્ટ ધ્વારાજો ફરીયાદી ગેરહાજર રહેતા હોય તો તેની ગેરહાજરી ને ધ્યાને રાખીને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાના હુકમને માન્યતા આપેલ છે અને સદરહુ ચૂકાદા તથા હાલના કેસની વિગતો એકબીજાને સુસંગત હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે. સદર ચૂકાદાના પેરેગ્રાફ નંબર –૧૪મા ઠરાવેલ સિધ્ધાંતને વંચાણે લેતા નામ.રાજસ્થાન હાઈકોર્ટ ધ્વારા ફરીયાદીની ગેરહાજરીના સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાના કરેલ હુકમને માન્યતા આપેલ છે. સદર પેરા નં.૧૪ નીચે મુજબ છે.*

**Para 14**. Section 256 of the new Code provides firstly that if the Court thinks that in a situation it is proper to adjourn the hearing, the Magistrate shall not acquit the accused; secondly, when the Magistrate considers that the personal attendance of the complainant is not necessary on that day, the Magistrate has the power to dispense with his attendance and proceed with the case. The latter situation which arises before the Court when the court notices that the complainant is absent on a particular date, the court must consider whether the personal appearance of the complainant is essential for the progress of the case, the case being adjourned to another date due to any other reason. If the situation does not justify the case being adjourned, the court is free to dismiss the complaint and acquit the accused.

*ઉપરોકત ચૂકાદાને વંચાણે લેતા ફરીયાદીની ગેરહાજરીમાં આરોપીને નિર્દોષ ઠરાવી શકાય અને તે હુકમ યોગ્ય ન્યાયી અને કાયદા મુજબનો હોવાનું ઠરાવેલ છે અને સદરહુ જજમેન્ટને વંચાણે લેતા હાલના કેસમા પણ ફરીયાદીને પુરતી તક આપેલ હોવા છતાં પોતાનો કેસ સાબીત કરવા માટે હાજર રહેલ નથી કે મુદતની માગણી કરેલ નથી. આમ, હાલની ફરીયાદ અંગે ફરીયાદી પુરતા સભાન હોવાનું જણાય આવે છે તેમ છતાં ફરીયાદી આજ દિન સુધી હાજર રહેલ નથી કે તેવા સંજોગોમા નામ.રાજસ્થાન હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત હાલના કેસમા પણ લાગુ પડતો હોય ફરીયાદીની હાલની ફરીયાદ ફરીયાદીની  સતત ગેરહાજરી ને કારણે રદ કરવી યોગ્ય અને ન્યાયી હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.*

**:હુકમ:**

*ફરીયાદીની ફરીયાદ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૫૬ મુજબ ફરીયાદીની સતત ગેરહાજરીને કારણે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામા આવે છે.*

***હુકમ આજ તારીખ** ૨૧મી **માહે** ઓગસ્ટ **સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.***

*સ્થળ–વેરાવળ*
***તા.** ૨૧/૦૮/૨૦૨૬*

*(જયશ્રી દિપકકુમાર અમીન)*
*એડીશન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ*
*વેરાવળ*
*(કોડ નં. જીજે૦૦૯૦૫)*